કાબોદરી ગામે ટ્રકની ટક્કરે બાઈકચાલકનું મોત

તલોદ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રણાસણ નજીકના કાબોદરી ગામની સીમમાં બાઈક અને ટ્રકની ટક્કરથી થયેલા અકસ્માતમાં બે પૈકીના એક બાઈક સવારનું અતિભારે ઈજાઓને કારણે કમકમાટીભરી હાલતમાં કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે તેના સાથી યુવાનને ગંભીર ઈજાઓ થતાં તત્કાળ હિંમતનગર દાકતરી સારવાર માટે ખસેડવાની ફરજ પડી હતી. આ બંને મિત્રો બાઈક ઉપર હિંમતનગરથી રણાસણ તરફ આવતા હતા ત્યારે એક ભારવાહક ટ્રકે તેમના બાઈકને જોરદાર ટક્કર મારતાં આ જીવલેણ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત કરી ઘટનાસ્થળેથી ટ્રકનો ચાલક ટ્રક લઈને ભાગી છૂટ્યો હતો. જેની તલાશ તલોદ પો.સ.ઈન્સ. વી.વી. ઓડેદરાએ હાથ ધરી છે.

રથયાત્રાના દિને રણાસણ પંથકમાં થયેલા આ અકસ્માતની વિગત એવી છે કે, તાલુકાના જાલમપુર (કીડી)ના રહીશ ધિરજસિંહ અમરતસિંહ પુજારા (ઉ.વ. આશરે ૩૦) તેમના સ્વજન મિત્ર વસંતસિંહ રજુસિંહ મકવાણા રહે. રામપુરા સાથે એક બાઈક ઉપર બપોરે હિંમતનગરથી રણાસણ તફ જવા નીકળ્યા હતા. તેમનું બાઈક કાબોદરી ગામની સીમમાં આવેલ રવિરાજ ફાર્મ પંથકમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે પૂરઝડપે આવી રહેલ એક અજાણી ટ્રકની જોરદાર ટક્કરનો ભોગ બન્યું હતું. પરિણામે ધિરજસિંહ અને વસંતસિંહ રોડ ઉપર જોરદાર રીતે પટકાઈ પડ્યા હતા. જ્યાં તેઓ લોહીયાળ ઈજાઓનો ભોગ બન્યા હતા. જે પૈકીના ધિરજસિંહ પૂજારા નામના યુવાનને ભારે ઈજાઓ થતાં તેનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત વસંતસિંહ હોસ્પિટલના બિછાને સારવાર મેળવી રહ્યા છે.

અકસ્માતના સ્થળે રણાસણ ઓ.પી.ના હે.કોન્સ. દશરથભાઈ દોડી પહોંચ્યા હતા જેઓએ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગરના ચંદ્રનગર નજીકથી ૯૦ લીટર દેશી દારૂ સાથે ત્રણ પકડાયા

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના ચંદ્રનગર નજીકથી પોલીસે ૯૦ લીટર દેશી દારૂ ભરેલા બે થેલા અને બે બાઈક સાથે ત્રણને પકડી પાડી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ હિંમતનગર ડી.વાય.એસ.પી. પી.આર. ગેલોતને મળેલ બાતમી આધારે હિંમતનગર ટાઉન પોલીસમથકના પી.આઈ. જે.એમ. પંચાલ અને ડી. સ્ટાફના સાંકાભાઈ દેસાઈ, ચંદુભાઈ વણઝારા, રાજુભાઈ મોડીયા, કોદરભાઈ પરમારે હિંમતનગરથી ખેડતસીયા માર્ગ પર રવિવાર બપોરના સુમારે વોચ કરી રહ્યા હતા. દરમિયાન બળવંતપુરા ગામ તરફથી હિંમતનગર તરફ આવી રહેલા બે બાઈકો પરના ત્રણ જણાનો પીછો કર્યો હતો અને મોતીપુરા વિસ્તારમાં ચંદ્રનગર નજીકથી પકડી પાડ્યા હતા અને તેમના પાસેથી બે થેલામાં દેશી દારૂની ૪૫ થેલીઓ મળી કુલ ૯૦ લીટર કિંમત રૂ. ૧૮૦૦ નો દારૂ પકડી પાડ્યો હતો. પોલીસે બે બાઈકો નંબર જીજે૯-સીએ-૩૨૯૧ અને જીજે-૯-આર-૯૬૩૧ કિંમત રૂ. ૫૦ હજાર મળી કુલ ૫૧ હજાર ૮૦૦ના મુદ્દામાલ સાથે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં ચંદ્રનગરમાં રહેતો બલવંત ઉર્ફે બલ્લી વસાજી ભાટ, ગીરધરનગરમાં રહેતો વિજયકુમાર ઉર્ફે બમ્પ બાબુભાઈ બ્રહ્મભટ્ટ અને કડીયોલપુલ છાપરીયામાં રહેતા નાઝીરમિયા ઉર્ફે ડફો ભીખુમિયા મલેક સાથે ત્રણને પકડી પાડી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬

ભજપુરા મંડળીના નામના ખોટા દસ્તાવેજ બનાવી ઉપયોગ કરતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠાના વડાલી તાલુકાના ભજપુરા ગામે આવેલ ભજપુરા સંઘ સહકારી મંડળીમાંથી એક ઈસમે ૩ વર્ષ પહેલા જમીન પર ધિરાણ લઈ ધિરાણનો બોજો ઉતારવા થોડા સમય પહેલા મંડળીના ખોટા દસ્તાવેજો ઉભા કરી હિંમતનગર મામલતદાર કચેરીમાં રજૂ કરતાં મંડળીના સંચાલકોએ વડાલી પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર સાબરકાંઠાના વડાલીના ભજપુરા ગામે આવેલ ભજપુરા સંઘ સહકારી મંડળીમાંથી વર્ષ ૨૦૦૯માં ભરૂચ જિલ્લાના જોડેશ્વર ખાતે રહેતા કિશોર છોટાલાલ પટેલે જમીન પર ધિરાણ ઉઠાવી બોજો ઉભો કર્યો હતો જે બોજો ગત તા. ૨ જૂન ૨૦૧૨ સુધી નહી ભરી મંડળીના નામનો ખોટો લેટરપેડ બનાવી તેના પર ખોટુ લખાણ લખી ખોટા દસ્તાવેજ ઉભા કરી મંડળીનો બોજો રદ કરાવવા હિંમતનગર મામલતદાર કચેરીમાં રજૂ કર્યાનું બહાર આવતા મંડળીના સંચાલકો પૈકીના વિરસંગભાઈ સંજાભાઈ પટેલે વડાલી પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરમાં ઓપરેશન વગર મોતીયાની સારવાર અંગેનો કેમ્પ યોજાયો

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર શહેરના સહકાર હોલમાં શહેરની 'પરબ' સંસ્થાના સૌજન્યથી 'મોતીયાની સારવાર ઓપરેશન વગર' શિર્ષક હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં મોતીયાના દર્દના દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તબીબો દ્વારા તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના મંત્રી કુ. કૌશલ્યા કુંવરબાએ આ આયુર્વેદ પદ્ધતિ વિશે સચોટ માહિતી આપી હતી. જ્યારે ન્યુ સ્કવેર લાઈફ સાયન્સ પ્રા.લી.ના ડાયરેક્ટર રાજીવ ગુપ્તાએ મોતીયાની દવાો તથા તેના ઉપયોગમાં આવતી ઔષધિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે સુરેશભાઈ પટેલ, ડૉ. ગૌરાંગ શાહ સહિત મોતીયાના દર્દીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનાં અંતે સંસ્થાના પ્રમુખ સુરેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

ઊંઝામાં રાંધણગેસના સિલીન્ડર મેળવવા રેશનકાર્ડ બતાવવાનું કહેવાતાં લોકોમાં અસંતોષ

ઊંઝા, તા. ૨૫

ઊંઝા ખાતે આવેલ ગેસ એજન્સીમાં રાંધણગેસના બાટલા મેળવવામાં રેશનકાર્ડ બતાવવામાં કહેવાતા પુરવઠાતંત્રના આદેશને લઈને ગ્રાહકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

ઊંઝા ખાતે હાઈવે પર ગેસ એજન્સી આવેલ છે. આ ગેસ એજન્સીમાં રોજિંદા ઘણા ગ્રાહકો રાંધણગેસનો બાટલો લેવા માટે જાય છે. અત્યાર સુધી રાંધણગેસ અંગેની બુકમાં બાટલાની નોંધ કરીને ગ્રાહકોને બાટલો આપવામાં આવતો હતો. પરંતુ કહે છે કે, હમણાંથી પુરવઠાતંત્ર દ્વારા રાંધણગેસનો બાટલો લેવા જતા ગ્રાહકોને ગેસ એજન્સીમાં રેશનિંગ કાર્ડ બતાવવાનો તઘલખી આદેશ કરાયેલ છે.

પુરવઠાતંત્રના આ નવા ફતવાથી રાંધણગેસનો બાટલો લેવા જતા ગ્રાહકોને મુશ્કેલી વેઠવી પડે છે. ગેસ એજન્સીમાં નોંધાયેલ ગ્રાહકોના રેશનિંગ કાર્ડના સિંગલ યા ડબલ બોટલ જોડાણ અંગેનો સિક્કો મારવામાં આવેલ છે. તેમ છતાં કોણ જાણે કેમ પુરવઠા તંત્રે ગ્રાહકો પરેશાન થાય તેવી નીતિરીતિ અપનાવતાં ગ્રાહકોમાં આ સામે રોષની લાગણી ફેલાઈ છે.

પુરવઠા તંત્ર પાસે જે રેશનિંગકાર્ડ ધારકોની યાદી છે. ત્યારે ગેસ એજન્સીઓ પાસે પણ રાંધણગેસના સિંગલ યા ડબલ બોટલ ધરાવતા ગ્રાહકોની યાદી હોય છે. ત્યારે પુરવઠાતંત્રે તેની યોગ્ય ચકાસણી કરીને ખોટું કરનારા સામે કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ.

હિંમતનગરના ફૈઝાને ગરીબ નવાજ ટ્રસ્ટે ચોપડાનું વિતરણ કર્યું

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર તાલુકાના માલીના છાપરીયા (સવગઢ) મુકામે ફૈઝાને ગરીબ નવાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબ, દલિત અને મુસ્લિમ વર્ગના ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા ૨૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે સરપંચ રશ્મિકાબેન પરમારના વરદ હસ્તે નોટબુક ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ચોપડા વિતરણ કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવોએ ફૈઝાને ગરીબ નવાજ ચેરીટેબલ ટ્રસ્ટના ઉત્સાહી પ્રમુખ હુસેનભાઈ દિવાનની રચનાત્મક કામગીરીથી ગરીબ પ્રજાના સર્વાંગી વિકાસની પહેલને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી અને પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં વોરા સમાજના પ્રમુખ રઉફભાઈ શેઠ, જમાતના અગ્રણી નિશારભાઈ શાસ્ત્રી, સાદીકભાઈ મુંબઈગરા, સઈદ પુનાસીયા, ઈશાકભાઈ શેખ, પારૂલબેન પરમાર, સલીમભાઈ કણીયા, મુસ્તાકભાઈ સંઘાણી, ડૉ. કાદરભાઈ ઈડરીયા વગેરે હાજર રહ્યા હતા.

હિંમતનગરમાં તબીબોએ ધરણા યોજી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

હિંમતનગર, તા. ૨૫

ભારત સરકાર દ્વારા આગામી સમયમાં ધી નેશનલ કમિશન ફોર હ્યુમન બીલ રજૂ થનાર હોવાથી અને આ બીલમાં થયેલ જોગવાઈઓ પ્રમાણે તમામ પ્રકારનું નિયંત્રણ કરી તંત્રને પોતાના કંટ્રોલમાં રાખવાનું જાણવા મળતા ઈન્ડીયન મેડીકલ એસોસિએશન દ્વારા આ બીલનો શક્ત વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેના અનુસંધાને સાબરકાંઠાના મુખ્ય મથક હિંમતનગરના સિવિલ સર્કલ પાસે જિલ્લાભરના તમામ ઈન્ડીયન મેડીકલ એસો.માં જોડાયેલા ડૉક્ટરોએ ભેગા થઈ સર્કલ પાસે જ ધરણા ધર્યા હતા. બાદમાં તમામ વિરોધ પ્રદર્શિત કરનાર ડૉક્ટરો રેલી સ્વરૂપે શહેરના મુખ્ય માર્ગો પર થઈ જિલ્લા કલેક્ટર કચેરી પહોંચી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. ઉપરાંત જિલ્લા સાંસદને પણ આવેદન પત્ર આપીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

સાબરકાંઠામાં બી.એસ.એન.એલ. ટેલીફોન સેવા ખોરવાઈ જતા ગ્રાહકો પરેશાન

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં બીએસએનએલની સેવાઓની મોટી મસ્ત જાહેરાતોની વાતો સાવ પોકળ ને બકવાસ સાબિત થવા પામી છે અને મોબાઈલના ડબલા ખરા ટાઈમે જ ગ્રાહકોને પરેશાન કરી દે છે. જેથી ગ્રાહકો મોબાઈલ સેવાઓ પ્રત્યે અસંતોષ વ્યક્ત કરી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી બી. એસ. એન. એલ. મોબાઈલ અને લેન લાઈન ગ્રાહકોને કંપની બેદરકારીને કારણે મુશ્કેલીઓ વેઠવી પડે છે. આ વિસ્તારના બી.એસ.એન.એલ. કંપનીના ગ્રાહકોને વારંવાર કવરેજમાં તકલીફો પડે છે. તથા ચાલુ વાતદરમિયાન અનેક પ્રકારના ઘોંઘાટો સંભળાવવા લાગે છે જ્યારે ઘણી વખત અગત્યના ચાલુ ફોન વખતે જ અચાનક જ સેવા ખોરવાઈ જાય છે ત્યારે બી.એસ.એન.એલ. તંત્ર આ મામલે તાત્કાલિક યોગ્ય પગલા લઈ મોબાઈલ અને લેન લાઈન સેવામાં સુધારો કરે તેવું ગ્રાહકો ઈચ્છી રહ્યા છે.

ડીસાના ઢુવા પાસે ૧૩૬ ડબ્બા શંકાસ્પદ ઘી ઝડપાયું

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં ખાદ્ય પદાર્થોમાં મોટા પાયે ભેળસેળ થતી હોવા છતાં જવાબદાર તંત્ર ભેળસેળીયા તત્વો સાથે સેટીંગ રાખી લોકોના આરોગ્ય સાથે ખુલ્લાઆમ ચેડા કરનાર ભેળસેળીયાઓને છાવરી રહ્યું છે. આ બાબતે વારંવાર તંત્રનું ધ્યાન ખેંચવા છતાં ભેળસેળીયા તત્વો સામે પગલાં ભરવામાં તંત્ર સતત આંખ આડા કાન કરી રહ્યું છે ત્યારે જુનાડીસા ઢુવારોડ પર જિલ્લા પોલીસની એસ.ઓ.જી. ટીમે શંકાસ્પદ ઘી ભરેલ ટેમ્પાની તલાશી લઈ તેમાંથી ૧૩૬ ડબ્બા ઘી સહિત રૂ. ૭.૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરતાં પુરવઠાતંત્રની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે. ઉત્તર ગુજરાતમાં ડુપ્લીકેટ ચીજવસ્તુઓની બનાવટમાં ડીસાનું નામ મોખરે છે. ઘી, તેલ, મરચુ, હળદર, લ્યુબ્રિકેન્ટ ઓઈલ, બીડી, ચા સહિતના ખાદ્ય અને અખાદ્ય પદાર્થોમાં મોટા પાયે ભેળસેળ થઈ રહી છે. જેમાં ઘી માં થતી ભેળસેળ લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા સમાન છે. પોમોલીન તેલ, બટાટા, વેજીટેબલ સહિત અન્ય કેમિકલના મિશ્રણથી તૈયાર થતુ બનાવટી ઘી માણસના શરીરને ખુબ જ નુકશાન કરે છે. આ મામલે વારંવાર રજુઆતો થવા છતાં જવાબદાર તંત્ર સતત આંખ આડા કાન કરી રહ્યું છે. એટલે આ પ્રવૃત્તિ મોટા પ્રમાણમાં ફાલી ફૂલી છે. નકલી ઘી નું વેચાણ ગામડાઓમાં મોટા પાયે થઈ રહ્યું છે. ત્યારે ઢુવા રોડ પર જિલ્લા પોલીસ વડાની સૂચનથી સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપના ઈન્ચાર્જ પી.એસ.આઈ. એમ.એમ. ગઢવી, હે.કો. ગોવિંદભાઈ, જનકસિંહ, ઉદેસિંહ તેમજ અશોકજી સહિતના પોલીસ સ્ટાફ સાથે રવિવારે મોડી સાંજે જુના ડીસા ઢુવા રોડ પર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન ઢુવા રોડ પરથી જીજે૮-ઝેડ-૧૧૦ નંબરનો ટેમ્પો પસાર થતાં પોલીસે તેને રોકાવી તલાશી લેતા તેમાંથી રૂચિ ગોલ્ડ માર્કના-૯૭, સ્ટીકર વિનાના-૩૭, મહુલી માર્કાના-૨ ડબ્બા મળી કુલ-૧૩૬ શંકાસ્પદ ઘી ના ડબ્બા સાથે ટેમ્પાને ડીસા તાલુકા પોલીસમથકે લાવી ટેમ્પોના ચાલકની પૂછતાછ કરતાં તેણે આ મામલે પરેશ ઈશ્વરલાલ મોદી (રહે. રામચોક ડીસા)ને ત્યાં લઈ જવાનો હોવાનું જણાવતાં પોલીસે તમામ શંકાસ્પદ ઘી નો જથ્થો કબ્જે લીધો છે. આ જથ્થાના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સેમ્પલ લઈ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલાવી કાર્યવાહી કરાશે તેમ એસ.ઓ.જી.ના હે.કો. ગોવિંદભાઈએ જણાવ્યું હતું.

ડીસામાં તબીબોએ સજ્જડ બંધ પાળ્યો

ડીસા, તા. ૨૫

ઈન્ડિયન મેડિકલ એસો.ના આદેશથી ડૉક્ટર તથા દર્દીઓના હિત વિરોધી કાયદાઓ સામે આઈએમએ દ્વારા તા. ૨૫ જૂને અપાયેલી હડતાળના પગલે ડીસાની ખાનગી હૉસ્પિટલો સજ્જડ બંધ રહી હતી. જ્યારે ડીસાના તબીબોએ પાલનપુરમાં ધરણામાં જઈ વિરોધ દર્શાવ્યો હતો.

ઈન્ડિયન મેડિકલ એસો. દ્વારા ૨૫ જૂને સમગ્ર ભારતના તબીબોને હડતાળમાં જોડાવા અપિલ કરાતા ડીસા આઈએમએ બ્રાન્ચ પણ હડતાળમાં જોડાઈ હતી, જેના પગલે શહેરની ૧૫૦થી વધારે ખાનગી હોસ્પિટલો બંધ રહી હતી.

હિંમતનગરમાં ભાજપ મહિલા મોરચા દ્વારા મહિલા વક્તા પ્રશિક્ષણ તાલીમ યોજાઈ

હિંમતનગર, તા. ૨૫

ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે તાજેતરમાં મહિલા વક્તા પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાજપ મહિલા મોરચાની મહિલાઓ જોડાઈ હતી.

હિંમતનગર ખાતે મહિલા મોરચાના અધ્યક્ષ જયશ્રીબેન પટેલના નેતૃત્વમાં હાલ જિલ્લાની મહિલા મોરચાની બહેનો માટે યોજાયેલ આ પ્રશિક્ષણ વર્ગમાં અગ્રણી મહિલાઓ હાજર રહી હતી અને ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીઓ અને સરકારની વિવિધ સિદ્ધિઓ સંદર્ભે વક્તવ્ય આપ્યું હતું. ઉપરાંત બાળવિકાસ, કન્યા કેળવણી, ગરીબ કલ્યાણ મેળો તથા વનબંધુ કલ્યાણ યોજના સહિતના વિષયો પર ધારદાર રજૂઆતો મહિલા આગેવાનોએ કરી હતી.

આ પ્રસંગે મંત્રી આનંદીબેન પટેલ, કુ. કૌશલ્યાકુંવરબા અને પુષ્પાબેન ઉપસ્થિત રહિ સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

કંપની સમાચાર

હોન્ડા દ્વારા નવી કોર્પોરેટ ડાયરેક્શનની વ્યુહાત્મક રજૂઆત

હોન્ડાની ભારત ખાતેની એકમાત્ર ટુ-વ્હીલર કંપની હોન્ડા મોટર સાયકલ એન્ડ સ્કુટર ઈન્ડિયા પ્રા. લિમિટેડ (**HMSI**) દ્વારા અમદાવાદમાં યોજાયેલા એક ધમાકેદાર સમારંભમાં આજે ભારત માટે ખાસ કોર્પોરેટ ડાયરેક્શનની રજૂઆત કરવામાં આવી છે.

ગૌરવશિલ વિતરકો, હોન્ડાના સહયોગીઓ તથા અખબારી આલમ સમક્ષ નવી કોર્પોરેટ ડાયરેક્શન રજૂ કરતાં **HMSI** ના વાઈસ પ્રેસિડેન્ટ (સેલ્સ એન્ડ માર્કેટીંગ) શ્રી વાય. એસ. ગુલેરીયાએ ભારતિય બ્રાન્ડના સૂત્ર 'સચ કરદેંગે સપને' હોન્ડાનું વિઝન સમજાવતાં જણાવ્યું હતું કે 'અમે તમામ ભૌગોલિક વિસ્તારો અને માનસિક ખ્યાલો ધરાવતા ગ્રાહકોને, સ્વબળે આગળ વધેલા અને આદર્શ બ્રાન્ડ એમ્બેસેડર અક્ષયકુમાર સાથે જોડાણ સાધીને વ્યાપક જનસમુદાય માટેની હોન્ડાની મોટરસાયકલ ડ્રીમ યુગાની રજૂઆત સાથે નવું સિમાચિહ્ન સ્થાપવા માગીએ છીએ.'

સચ કરદેંગે સપને સાથે ગ્રાહકો અગ્રાતાકમે

હોન્ડાની ગ્લોબલ બ્રાન્ડના સૂત્ર 'પાવર ઓફ ડ્રીમ' દ્વારા ગ્રાહકો સાથે લાગણીથી જોડાય છે અને સચ કરદેંગે સપને દ્વારા ભારત માટેની ખાસ બ્રાન્ડ ઓળખ જીવંત કરે છે. આ સૂત્ર આગામી વર્ષો માટે ભારતને દુનિયાના ટુ-વ્હીલર બિઝનેસનું કેન્દ્ર માને છે, હોન્ડાનું વિઝન વ્યક્ત કરે છે અને સપનાંમાં સહભાગી બનવાના અને તેનું વાસ્તવમાં રૂપાંતર કરવાના ભવિષ્યના ઈરાદાઓ વ્યક્ત કરે છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યૂબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧